## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ઉસ્તાદજી... ભાભીએ હેલ્મેટ મોકલી છે... એમને ક્યાંકથી ખબર પડી કે સો અને હજારનાં સિક્કા બહાર પડ્યા છે...!!

# વાઈબ્રન્ટને અનુલક્ષી માર્ગો અને બ્યુટીફિકેશનના કામોની દરખાસ્તો હજુ ફાઈલોમાં અટવાઈ

### વિવિધ કામો માટે તંત્ર દ્વારા વિભાગ સમક્ષ રજુ કરાયેલી દરખાસ્ત પેન્ડીંગ

ગાંધીનગર તા ૧૫

શહેરમાં આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી તંત્ર હવે પુર્વતૈયારીના આયોજનમાં લાગી ગયુ છે. જો કે હજુ આ મામલે માર્ગ મકાન વિભાગ દ્વારા વિવિધ કામોના દરખાસ્તને મંજુરી આપવામાં આવી નથી. વાઈબ્રન્ટને અનુલક્ષી માર્ગોના કામ તેમજ બ્યુટીફિકેશન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. લાંબા સમયથી વિભાગને મોકલવામાં આવેલી દરખાસ્તો હજુ પણ પેન્ડીંગ છે. જેના પરિણામે તંત્રએ છેલ્લી ઘડીએ દોડવાનો વારો આવશે તેવો પણ સુર ઉઠવા પામ્યો છે.

વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૭ ને અનુલક્ષી રસ્તા તેમજ બ્યુટીફિકેશનના કામો હાથ ધરવામાં આવે છે. ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ આ માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જયારે આગામી વાઈબ્રન્ટને ધ્યાને લઈને હાલ શહેરના ખ માર્ગને સિકસલેન બનાવવા ઉપરાંત કોબા હાંસોલ માર્ગનુ કામ શરૂ કરી દેવાયુ છે. આ માર્ગના પેવર કામ ઉપરાંત બ્યુટીફિકેશનની કામગીરી પણ હાથ ધરાશે. શહેરના મુખ્ય ચ માર્ગના નવિનીકરણ માટે પણ તંત્ર દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે જયારે નગરના રોડનેટવર્કના બ્યુટીફિકેશન માટે પણ તંત્ર દ્વારા કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ઘ-૪ સર્કલ આસપાસ સ્થિત આઈલેનમાં પણ પ્લાન્ટેશન કરી દેવાયુ છે. જયારે નગરના મુખ્ય માર્ગો પર વાઈબ્રન્ટ સમિટ પુર્વે એલ ઈ ડી લાઈટની જળહળા કરવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરાઈ છે. પરંતુ શહેરના વિવિધ માર્ગો તેમજ બ્યુટીફિકેશનના કામો સંદર્ભે તંત્ર દ્વારા વિભાગ સમક્ષ રજુ કરાયેલી દરખાસ્તને હજુ સુધી મંજુરી આપવામાં આવી નથી. સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ રસ્તાના વિવિધ કામો માટે પણ તંત્ર દ્વારા રજુ કરાયેલી દરખાસ્ત મુવ થઈ નથી. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી જરૂરી કામોને મંજુરી આપવામાં ઢીલ થતા તંત્રએ મેનપાવરના અભાવ વચ્ચે છેલ્લી ઘડી સુધી દોડધામ કરવી પડશે તેવો પણ સુર ઉઠવા પામ્યો છે.



## એનઆઈસીએમના વિદ્યાર્થીઓએ બનાસડેરીની મુલાકાત લીધી

શહેરના ઈન્દ્રોડા સર્કલ પાસે આવેલી નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ કો. ઓપરેટીવ મેનેજમેન્ટના એમબીએના વિદ્યાર્થીઓએ બનાસ ડેરીની મુલાકાત લીધી હતી. એમબીએના કોર્સ મુજબ વિદ્યાર્થીઓએ થીયરી સિવાય પ્રેક્ટીકલ પર પણ ધ્યાન આપવાનું હોય છે. તે સંદર્ભમાં એમબીએના વિદ્યાર્થીઓએ બનાસડેરીમાં જઈને તેની વિવિધ કામગીરીની માહિતીની જાણકારી મેળવી હતી. બનાસડેરીમાં આવેલ વિવિધ પ્લાન્ટસ જેમકે મિલ્ક પ્લાન્ટ, બટર પ્લાન્ટ, આઈસ્ક્રીમ પ્લાન્ટ, મીલ્ક પાવડર પ્લાન્ટ વગેરેની મુલાકાત વિદ્યાર્થીઓએ લીધી હતી. ત્યારબાદ બનાસ ડેરીની ડોક્યુમેન્ટ્રી ફિલ્મ પણ જોઈ હતી. બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ વિદ્યાર્થીઓની મુલાકાત લીધી હતી અને તેમને વિવિધ કામગીરીઓ વિશે જાણકારી આપી હતી.

## છેલ્લા ચાર દિવસમાં ૧.૭૦ લાખના બિલની હોસ્પિટલને આવક થઈ

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ચાર દિવસમાં વિવિધ બીલ પેટે દર્દી તેમજ સ્વજનોએ રૂ. ૧૭૦ લાખ જમા કરાવ્યા છે. ભારતના વડાપ્રધાને અચાનક રૂ. ૫૦૦ની અને ૧૦૦૦ની નોટ બંધ કરવાનો નિર્ણય કરતા નાગરીકોની હાલત કફોડી બની ગઈ છે. ત્યારે આવશ્યક સેવાઓમાં બીલ પેટે રૂ. ૫૦૦ની તેમજ રૂ. ૧૦૦૦ની નોટનો સ્વીકાર કરવામાં આવશે તેમ જણાવ્યુ હતુ. ત્યારે શહેરની હોસ્પિટલમાં દાખલ થતા દર્દીઓએ વિવિધ બિલ પેટે રૂ. ૧.૭૦ લાખ રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ની નોટથી જમા કરાવતા તંત્રએ પણ એસ.બી.આઈ. બેંકમાં જમા કરાવી દીધા છે.

## ૧૯મીએ વિશ્વ શૌચાલય દિવસ ઉજવાશે

### ૨૦૧૨ના બેઝ લાઈન સર્વે પ્રમાણે રાજયમાં ૩ હજારથી વધુ પંચાયતોમાં ૧૦૦ ટકા શૌચાલય છે

આગામી ૧૯મી નવેમ્બરની 'વિશ્વ શૌચાલય દિવસ' તરીકે ઉજવણી કરવામાં આવશે. સરકારના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૦૧૩માં યુનોની સમાન્યસભામાં આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સ્વચ્છ મિશન અંતર્ગત રાજયમાં આ દિવસની ઉજવણી માટે તંત્રએ તૈયારીઓ આરંભી દીધી છે. પંચાયત વિભાગના સૂત્રોએ જણાવ્યું છે કે રાજયમાં પહેલીવાર વિશ્વ શૌચાલય દિવસની ઉજવણી અંગે ખાસ કાર્યક્રમો યોજવામાં આવશે જેમાં ગૌરવ યાત્રા ઉપરાંત ખુલ્લામાં શૌચક્રિયા મુકત ગ્રામ તેવા બેનર લગાવવામાં આવશે.

આ સૂત્રોએ જણાવ્યું છે કે સ્વચ્છ ભારત મિશન (ગ્રામીમ) અંતર્ગત ગુજરાતમાં થઈ રહેલ પ્રગતિ જોતાં આજ દિન સુધીમાં બેઝલાઈન સર્વે ૨૦૧૨ પ્રમાણે ૮૩.૩૫ ટકા ઉપરાંત ગ્રામિણ કુટુંબો શૌચાલયની સુવિધા ધરાવે છે તે એક મહ્ત્વનું સીમા ચિહ્ન છે. સાથે સાથે રાજયની ૩૦૯૨ જેટલી ગ્રામ પંચાયતો વેરીફીકેશન બાદ સફળતા પૂર્વક 'ખુલ્લામાં શૌચક્રિયા મુકત' બની છે. જે જોતાં હજુ જે ગ્રામ પંચાયતોએ 'ખુલ્લામાં શોચક્રિયા મુકત' તરીકે પ્રમાણિત થવાનું બાકી છે તેવી ગ્રામ પંચાયતો અને તેમના આગેવાનો તથા સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)ની કામગીરી સાથે સંકળાયેલાઓને પ્રેરણા અને પ્રોત્સાહન મળે તે પણ જરુરી છે. વાસ્તે આપના જિલ્લાના 'ખુલ્લામાં શોચક્રિયા મુકત' જાહેર થયેલ ગ્રામ પંચાયત વિસ્તારોમાં ૧૯મી નવેમ્બર ૨૦૧૬ના રોજ 'વિશ્વ શૌચાલય દિન'ની ઉજવણી અર્થે 'ગૌરવયાત્રા' સહિતના લોકોની સામુહિક ભાગીદારી હાજરીવાળા કાર્યક્રમો યોજવામાં આવશે.



નિવૃત્તિ વિદાય સમારંભ : વિધાનસભા અધ્યક્ષના અંગત સચિવ તરીકે સેવા બજાવતા શ્રી દિનેશભાઈ વ્યાસ નિવૃત્ત થતાં વિધાનસભા અધ્યક્ષ શ્રી રમણલાલ વોરાએ પુસ્તક અને પુષ્પ આપી વિદાય આપી હતી. શ્રી દિનેશભાઈ વ્યાસની સેવાઓને રમણભાઈ વોરા, વન અને પ્રવાસન મંત્રી ગણપત વસાવા, આત્મારામ પરમાર તથા વિધાનસભા સચિવાલયના અધિકારી અને કર્મચારીઓએ બિરદાવી હતી.

# શહેરમાં જરૂરિયાતમંદોને શિયાળામાં હૂંફ પુરી પડાશે

### ગાંધીનગર વસાહત મહામંડળ, સદ્‌વિચાર પરિવાર તથા અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા સતત ૨૨માં વર્ષે ઠંડીમાં થરથરતા જરૂરતમંદોને ગરમ વસ્ત્રોનું દાન કરાશે

ગાંધીનગર, તા. ૧૫

શહેરમાં ધીમા પગલે શિયાળાનું આગમન થઈ ચુક્યું છે. શહેરમાં મોટી સંખ્યામાં શ્રમજીવી પરિવારો તથા ઝુંપડપટ્ટીમાં રહેતા જરૂરિયાતમંદ વર્ગના પરિવારો વસવાટ કરે છે. શિયાળાની કડકડતી ઠંડીમાં આ પરિવારોને હૂંફ પુરી પાડવાનું સદ્‌કાર્ય ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, સદ્‌વિચાર પરિવાર તથા અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા માનવતાનો સાદ ઝીલી હાથ ધરવામાં આવનાર છે. આ અંતર્ગત આ પરિવારોને ગરમ વસ્ત્રો વિનામૂલ્યે પુરા પાડવામાં આવશે.

શિયાળાની હાડ ધ્રુજાવી નાંખતી ઠંડીમાં જરૂરિયાતમંદ વર્ગના તથા શ્રમજીવી વર્ગના પરિવારોને છેલ્લા ૨૨ વર્ષથી નિયમિતપણે દર વર્ષે ગરમ ધાબળા, સ્વેટર, પટ્ટા, ગરમ ટોપી જેવા વસ્ત્રો પુરા પાડી હૂંફ આપવાનું સદ્‌કાર્ય હાથ ધરાય છે. આ સદ્‌કાર્યમાં આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓને પણ આવરી લેવામાં આવે છે. ૧૯૯૪થી આજ દિન સુધીમાં ૧,૬૨,૫૦૦ જરૂરતમંદોને આ સહાય પુરી પાડવામાં આવી ચુકી છે. આ વર્ષે પણ યોજાનારા આ માનવતાના મહાયજ્ઞમાં આર્થિક સહયોગ આપવા શહેરના નાગરિકોને ગાંધીનગર શહેર વસાહત મહામંડળ,સદ્‌વિચાર પરિવાર તથા અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા અપીલ કરવામાં આવી છે.

**ઠંડીમાં થરથરતા જરૂરિયાતમંદોને હૂંફ પહોંચાડવા સંપર્ક કરો**

| નામ | સેક્ટર | ફોન નંબર |
|---|---|---|
| અરૂણભાઈ બુચ<br>પ્રમુખ-શહેર વસાહત<br>મહામંડળ, ગાંધીનગર | ૨૦ | ૨૩૨-૬૦૩૭૦<br>૯૮૨૫૦૧૮૧૩૪ |
| કિશોરભાઈ દવે | ૧ | ૨૩૨-૨૪૩૩૯ |
| કૈલાશબેન જોષી | ૩ | ૨૩૨-૩૨૫૩૧ |
| કશ્યપભાઈ મહેતા | ૪-એ | ૨૩૨-૩૬૩૩૦ |
| શશિકાંત મોઢા | ૪-એ | ૨૩૨-૩૧૭૬૬<br>૯૪૨૬૮૭૧૮૯૨ |
| આર.એચ. ધામેચા | ૪-સી | ૯૮૨૪૪૧૬૦૦૨ |
| નિલેન્દુ વોરા | ૫-એ | ૯૪૨૭૮૦૧૪૦૩ |
| જયેશભાઈ ધ્રુવ | ૫-એ | ૯૮૨૫૩૯૮૩૩૮ |
| અમરિશ ઓઝા | ૬ | ૨૩૨-૨૭૯૩૮ |
| મયુરભાઈ વ્યાસ | ૭-ડી | ૨૩૨-૨૫૩૮૦ |
| ચંદ્રકાંત જોષી | ૭-એ | ૨૩૨-૨૮૪૬૪ |
| બી.એ. શુકલ | ૮ | ૨૩૨-૨૬૨૭૫ |
| ચંદુજી ઠાકોર (ફતેપુરા) | ૧૫ | ૯૮૭૯૫૦૭૫૭૬ |
| રેવાભાઈ પરમાર | ૧૪ | ૨૩૨-૩૭૯૩૫ |
| સી.જી. કાંસવા | ૨૨ | ૯૭૧૪૭૨૬૮૪૬ |
| સી.પી. સોની | ૨૧ | ૨૩૨-૨૧૮૩૫ |
| સી.ડી. ધનેશ્વર | ૨૨ | ૨૩૨-૨૫૩૫૭ |
| ઉદયભાઈ ત્રિવેદી | કોલવડા | ૯૯૨૪૫૧૫૬૪૯ |
| લત્તાબેન ચોકસી | ૨૩ | ૨૩૨-૨૦૧૬૦ |
| સુધીરભાઈ દેસાઈ | ૨૩ | ૨૩૨-૨૫૨૯૭ |
| સુનિલભાઈ શાહ | ૨૬ | ૯૮૨૫૪૧૯૦૧૯ |
| જનકભાઈ રાવલ | ૨૭ | ૨૩૨-૪૭૫૦૩ |
| ડૉ. પી.ડી. પટેલ | ૨૭ | ૯૮૩૪૦૪૭૬૦૧ |
| એસ.ડી. પરમાર | ૨૭ | ૨૩૨-૪૮૪૮૫ |
| કે.પી. પરમાર | ૨૭ | ૯૯૨૫૭૮૯૪૦૬ |
| નિસર્ગ બુચ | ૨૮ | ૭૮૭૪૪૦૭૩૫૬ |
| દિનેશસિંહ ચાવડા | ૨૮ | ૨૩૨-૧૧૩૨૨ |
| નવલસિંહ પરમાર | ૨૯ | ૯૯૨૪૮૫૦૩૨૪ |
| ભાલચંદ્ર શુકલ | ૩૦ | ૨૩૨-૬૦૫૪૩ |
| કિશોરભાઈ જીકાદરા | ૩૦ | ૯૮૭૯૪૭૫૧૩૦ |
| ભરતભાઈ દિક્ષીત | બોરીજ | ૯૪૨૭૩૩૫૩૯૪ |
| પ્રદિપ સોલંકી | કુડાસણ | ૯૮૨૫૨૫૬૪૧૦ |
| નીલાબેન પટેલ | કુડાસણ | ૯૯૯૮૧૪૧૪૯૪ |

# ૫૦૦ના દરની નોટ સૌથી વધુ બેંકોને મળી છે

### ૭૦૦ કરોડની નોટ્સ ડિપોઝીટ થઈ હોવાનો પ્રાથમિક અંદાજ

ગાંધીનગર, તા. ૧૫

કેન્દ્ર સરકારે રૂ. ૫૦૦ અને ૧૦૦૦ના દરની નોટો રદ કરવાના પગલે ગાંધીનગર શહેર અને જિલ્લામાં રૂ. ૫૦૦ના દરની નોટ્સ વધુ આવી રહી છે.

શહેર અને જિલ્લામાં અત્યાર સુધીમાં રૂ. ૭૦૦ કરોડની નોટ્સ જમા થઈ હોવાનો પ્રાથમિક અંદાજ છે. જેમાં મોટાભાગની નોટ્સ રૂ. ૫૦૦ના દરની હોવાનું બેંકો સાથેની વાતચીતમાં જાણવા મળ્યું છે.

રૂ. ૧૦૦૦ના દરની નોટ્સ પણ આવી છે પણ તે પ્રમાણમાં ઓછી હોવાનું જાણવા મળેલ છે. ખાસ કરીને જે નોટ્સ એક્સચેન્જ માટે આવે છે તેમાં પણ રૂ. ૫૦૦ની નોટ્સ વધુ હોવાનું બેંકના સૂત્રોએ સ્વીકાર્યું છે.

શહેરમાં અને જિલ્લામાં ૫૦૦ની નોટ્સ સૌથી વધુ ફરતી જણાઈ છે. જો કે ફેક નોટ્સ કેટલી મળી તે જાણવા મળી શક્યુ નથી.

શહેર અને જિલ્લામાં ૭૦૦ કરોડ જેટલી નોટ્સ ડિપોઝઈટ થઈ ગઈ છે. જ્યારે ૩૦૦ કરોડ જેટલી નોટ્સ એક્સચેન્જ થઈ ગઈ હોવાનું બેંકના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

એસ.બી.આઈ., દેના બેંક અને બેંક ઓફ બરોડામાં ડિપોઝીટ્સ વધુ થઈ હોવાનું બેંકના સૂત્રોએ સ્વીકાર્યું છે. શહેર અને જિલ્લામાં આ ત્રણેય બેંકોનું નેટવર્ક પણ સારૂ એવુ પથરાયેલું છે.

## ઉદ્યોગપતિઓ - ધનવાનો માટે સમય માંગનાર વડાપ્રધાનને ૫૦ દિવસમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી જાહેર કરવા પડકાર

### ગરીબો, ખેડૂતો અને સામાન્ય પ્રજાને હાલાકીમાં મૂકનાર ઉડતા વડાપ્રધાને આર્થિક સ્થિતિ અંગે શ્વેતપત્ર બહાર પાડવું જોઈએ : ડો. હિમાંશુ પટેલ

ગાંધીનગર, તા. ૧૫

ખેડૂતો સહિત ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને ભારે હાલાકીમાં ધકેલી પોતાના માનીતા ઉદ્યોગપતિઓ તેમજ ધનવાનો માટે ૫૦ દિવસનો સમય માંગનાર વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને ૫૦ દિવસમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ જાહેર કરવાનો પડકાર ફેંકતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, સમગ્ર દેશ અત્યારે આર્થિક કટોકટીમાં ધકેલાઈ ગયો છે ત્યારે, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ દેશની આર્થિક સ્થિતિ અંગે તાત્કાલિક શ્વેતપત્ર બહાર પાડવું જોઈએ.

કોંગ્રેસનાં પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, લોકસભાની ચૂંટણી વખતે વિદેશી બેંકોમાંથી કાળું ધન પાછું લાવવા સાથે દરેક ભારતીયનાં ખાતામાં રૂપિયા ૧૫ લાખ જમા કરાવવાનું વચન પાળી નહીં શકનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના ગરીબ અને મધ્યમ વર્ગને મોત કરતાંય બદતર હાલાકીમાં મૂકી દીધો છે. કાળું ધન પાછું લાવવામાં સદંતર નિષ્ફળ નીવડેલા ઉડતા વડાપ્રધાને અઢી વર્ષમાં ગરીબ અને મધ્યમ વર્ગની ક્યારેય દરકાર કરી નથી ત્યારે અઢી વર્ષની નિષ્ફળતા ઢાંકવા માટે તઘલખી નિર્ણય કરી સામાન્ય પ્રજાને ભારે હાલાકીમાં મૂકી છે. પોતાના માનીતા ઉદ્યોગપતિઓ, ધનવાનો અને આરએસએસનાં નાણાકીય સેટીંગ માટે ૫૦ દિવસ માંગનારા નરેન્દ્ર મોદીએ ખાસ કરીને સવર્ણ વર્ગના લોકોને ભીંસમાં લઈ તેમનો પણ ભ્રમ ભાંગી નાંખ્યો છે. જ્યારે ગરીબ લોકો અને ખેડૂતો, નાના વેપારીઓ, કર્મચારીઓને રોજબરોજના વ્યવહારો અને ખરીદ – વેચાણનું કામ મુશ્કેલ થઈ પડ્યું છે. ચલણમાં છુટ્ટાં પૈસા નહીં મૂકવા સાથે રૂપિયા બે હજારની જ નવી નોટ બજારમાં મૂકનાર વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ જનતાની ક્રુર મશ્કરી કરી છે.

## સે-૧૭ વાઈબ્રન્ટના પ્રદર્શન સેન્ટર પર ટૂંકમાં કામ શરૂ કરાશે

### હાલ વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી હાથ ધરાઇ : રીનોવેશન તેમજ સુશોભનને અનુલક્ષી માર્ગ મકાન વિભાગ સપ્તાહમાં કામ હાથ ધરશે

ગાંધીનગર તા ૧૫

સે-૧૭ સ્થિત એકઝિબીશન સેન્ટરના વિસ્તારમાં વન વિભાગ દ્વારા ટ્રીમીંગ કરવામાં આવી રહયુ છે. આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી તંત્ર દ્વારા એક્ઝિબીશન સેન્ટરમાં રીનોવેશનની કામગીરી હાથ ધરાશે. જેમાં સેન્ટરમાં હંગામી ધોરણે બે નવા શેડ બનાવાશે આ ઉપરાંત એ સી પ્લાન્ટ તેમજ સુશોભનની કામગીરી પણ હાથ ધરાશે.

આગામી વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૭ને અનુલક્ષી પુર્વ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. તંત્ર દ્વારા વાઈબ્રન્ટને ધ્યાને લઈ રસ્તા તેમજ બ્યુટીફિકેશનના કામો હાથ ધરવા માટે અગાઉ વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. જેમાં નગરમાં બાકી રહેતા મુખ્ય માર્ગો સહીત સેકટરોના રસ્તાઓનુ નવિનીકરણ કરવા માટે પણ દરખાસ્ત કરવામાં આવી છે. આ ઉપરાંત બ્યુટીફિકેશનના જરૂરી કામો પણ હાથ ધરાશે. વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ શહેરના ખ માર્ગને સિકસલેન બનાવાનુ કામ ચાલી રહયુ છે. જે ટુંકમાં પુર્ણ થઈ જશે. જયારે સે-૧૭ હેલીપેડ મેદાન સ્થિત એકઝિબીશન સેન્ટરમાં પણ કામ હાથ ધરવામાં આવશે. કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલા એકઝિબીશન સેન્ટરને યોગ્ય કરવાનુ કામ માર્ગ મકાન વિભાગને સોંપવામાં આવ્યુ છે. આ માટે અંદાજિત રૂ ૬ કરોડનો ખર્ચ થશે. તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે.

આગામી સપ્તાહમાં કામ શરૂ કરી દેવાશે. પ્રદર્શન સેન્ટરમાં રીનોવેશનની કામગીરીના ભાગરૂપે જરૂરી સમારકામ ઉપરાંત એસી પ્લાન્ટ કાર્યરત થાય તેવી વ્યવસ્થા ગોઠવાશે. વધુમાં તમામ ડોમને સુશોભિત કરવામાં આવશે. વાઈબ્રન્ટ દરમિયાન દેશ અને દુનિયાની વિવિધ કંપનીઓ એકઝિબીશન સેન્ટરમાં ભાગ લેવાની હોવાથી તંત્ર દ્વારા પુર્વ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જયારે હંગામી ધોરણે બે નવા ડોમ પણ બનાવાશે. વનતંત્ર દ્વારા કામગીરી પુર્વે હાલ આ વિસ્તારમાં વૃક્ષાના ટ્રીમીંગનુ કામ શરૂ કરી દેવાયુ છે.

## લગ્નસરા પણ ઘરાકીમાં ૫૦ ટકા સુધીનો ઘટાડો

શહેરમાં એક તરફ લગ્નસરા શરૂ થઈ ગઈ છે.તેવા જ સમયે રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટો વેપારીઓ દ્વારા સ્વીકારવામાં ન આવતી હોવાના કારણે શહેરના રતનપોળ,માણેકચોક સહીતના બજારોમાં ખરીદીમાં ૫૦ ટકા જેટલો ઘટાડો જોવા મળી રહ્યો છે.વેપારી સૂત્રોનું કહેવું છે કે,રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટો સ્વીકારવામાં ન આવતી હોવાના કારણે લોકો ખરીદી કર્યા વગર જ પરત ફરી રહ્યા છે.બીજી તરફ જેમને ત્યાં લગ્ન પ્રસંગ હોય છે તેઓ પણ જરૂરી એટલી જ ચીજો ખરીદ કરતા હોઈ બજારમાં મોટાભાગનો સમય વેપારીઓને બેસી રહેવાનો વારો આવ્યો છે.

## ગાંધીનગર જિલ્લામાં અડાલજ અને માણસાની હોસ્પિટલ ખાતે દીનદયાળ પ્રધાનમંત્રી જન ઔષધી સ્ટોરનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાતમાં દર્દીઓને સારી ગુણવત્તાની દવાઓ વાજબી ભાવે સરળતાથી મળી રહે તેવા ઉમદા હેતુથી દીનદયાળ પ્રધાનમંત્રી જન ઔષધિ સ્ટોરનો આજરોજ રાજ્યમાં વિવિધ ૫૦ સ્થળોએ પ્રારંભ કરવામાં આવ્યો છે. જેને અનુલક્ષી ગાંધીનગર જિલ્લાના અડાલજ અને માણસા સિવિલ હોસ્પિટલ સંકુલ ખાતે સ્ટોરનો આરંભ કરવામાં આવ્યો છે. આ સ્ટોર પરથી દર્દીઓને જેનટીક દવાઓનું વિતરણ કરવામાં આવશે. આ ઉદ્‌ઘાટન પ્રસંગે હોસ્પિટલના ડૉક્ટરો, અધિકારીઓ, કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં નાગરીકો ઉપસ્થિત રહ્યા હતા.

અડાલજ ખાતે દીનદયાળ પ્રધાનમંત્રી જનધન ઔષધી સ્ટોર ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરના હસ્તે અને માણસા સિવિલ હોસ્પિટલ ખાતે સંસદીય સચિવ બાબુભાઈ જમનાદાસ



પટેલના હસ્તે સ્ટોરનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. અડાલજ ખાતે દિનદયાળ પ્રધાનમંત્રી જન ઔષધી સ્ટોરના ઉદ્‌ઘાટન પ્રસંગે વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરે જેનરીક દવાઓના સ્ટોર ઉભા કરવા પાછળના રાજ્ય સરકારના ઉમદા આશયની વાત કરી હતી. આ સ્ટોરમાં મળતી દવાઓ અને બ્રાન્ડેડ દવા વચ્ચેની કિંમતના તફાવત વચ્ચેની પાતળી ભેદરેખાની વિસ્તૃત વાત કરી હતી. રાજ્ય સરકાર દ્વારા આરોગ્ય ક્ષેત્રે કરવામાં આવેલ વિવિધ કામગીરીની આંકડાકીય વિગતો પણ આપી હતી. જયારે માણસા ખાતે આયોજીત સમારંભમાં સંસદીય સચિવ બાબુભાઈ જમનાદાસ પટેલે જેનરીક દવાઓની સમજ, તેના ફાયદાઓ, જેનરીક દવાઓની ગુણવત્તા અને બ્રાન્ડેડ દવાઓ અને જેનરીક દવાઓની કિંમત વચ્ચે રહેલ તફાવતની વિસ્તૃત વાત કરી હતી. આ સ્ટોરથી સામાન્ય રોગના દર્દીના પરિવારને દવાઓમાં શું ફાયદાઓ થશે તેની વાત કરી હતી. આ ઉદ્‌ઘાટન પ્રસંગે માણસા અને અડાલજ ફરજ બજાવતા ડૉક્ટર્સ, અધિકારીઓ, કર્મચારીઓ સહિત નાગરિકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.